# સુરક્ષા આપે છે સામે ઓરી (મિસલ્સ)




## શું તમારા 5 વર્ષથી નીચેના બાળકો ઓરી સામે સુરક્ષિત છે?

- ઓરી ખતરનાક બની શકે છે, ખાસ કરીને 5 વર્ષથી નીચેના બાળકો માટે.
- તેનો ફેલાવો ખૂબ જ ઝડપથી થાય છે અને ગંભીર કિસ્સાઓમાં ન્યુમોનિયા અને મગજનો ચેપ લાગી શકે છે.
- લગભગ 10 માંથી 1 વ્યક્તિને ઓરીની બીમારી હોય તેને હોસ્પિટલમાં જવું પડે છે.
- ઓછી સંખ્યાના કિસ્સાઓમાં, ઓરી જીવલેણ બની શકે છે.
- તમારા બાળકને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખવા માટે ઓરીની રસીના બે ડોઝની જરૂર રહે છે.
- પ્રથમ ડોઝ 12 મહિનાની ઉંમરે અને બીજો ડોઝ 15 મહિનાની ઉંમરે આપવામાં આવે છે.
- જો તમારું બાળક 15 મહિનાથી વધુ ઉંમરનું હોય તો અને તેને ઓરીની રસીના બંને ડોઝ લીધા નથી, તો તમારા ડૉક્ટર અથવા નર્સ સાથે વાત કરો.

## ઓરી શું છે?

- ઓરી એક વિષાણુજન્ય સંક્રમણ છે જે ખૂબ જ ચેપી છે.
- તેનો ફેલાવો ઉધરસ અને છીંક દ્વારા થાય છે.
- લક્ષણો સામાન્ય રીતે વધુ તાવ, ઉધરસ, વહેતું નાક અને પાણીવાળી લાલ અને આસું વહેતી આંખો સાથે શરૂ થાય છે, પછી ચહેરા પર શરૂ થતા ફોલ્લીઓમાં વિકસે છે અને શરીરની નીચે તરફ જાય છે.

## ઓરીની રસી કેટલી અસરકારક છે?

- ઓરી રસીકરણ, જેને એમએમઆર રસી પણ કહેવાય છે, બાળકોને ત્રણ વાયરલ ચેપ સામેત્રણ વાયરલ ચેપ સામઆપે છે.
- આ રસી ખૂબ જ અસરકારક છે. એક ડોઝ પછી, લગભગ 95 ટકા લોકો ઓરીથી સુરક્ષિત છે અને બે ડોઝ પછી 99 ટકાથી વધુ લોકો સુરક્ષિત છે.

## મારા બાળકને તેમની ઓરીની રસીકરણ આપવામાં આવી છે કે કેમ તે હું કેવી રીતે શોધી શકું?

- તમારું બાળક તેમની ન્યુઝીલેન્ડ વેલ ચાઈલ્ડ તમારીકી ઓરા (પ્લંકેટ) બૂકની રસીકરણની વિગતો સાથેની તાજી માહિતીમાં જો હોય તો તપાસો. અથવા તમારા ડૉક્ટર સાથે તપાસ કરો.

Te Kāwanatanga o Aotearoa
New Zealand Government

Te Whatu Ora
Health New Zealand

HP8227 | Measles under 5 – A5 Flyer | September 2022 | Gujarati

## શું ઓરીની રસીકરણ લેવાથી કોઈ આડઅસરો થાય છે?

- થોડી સંખ્યામાં બાળકોને માથુ દુખવું, તાવ, ઉબકા (બીમાર લાગવુંવું) અને અસ્વસ્થ અને થાકેલું લાગે છે.
- કેટલાક બાળકોને ફોલ્લીઓ થઈ શકે છે.
- મોટાભાગની આડઅસરો માત્ર એક કે બે દિવસ જ રહે છે.

## શું 5 વર્ષથી વધુ ઉંમરના બાળકને ઓરીની રસીકરણ આપવામાં આવી ન હોય તો તે મેળવી શકે છે?

- 5 વર્ષથી વધુ ઉંમરના લોકો, ખાસ કરીને યુવાન લોકો કે જેઓ મોટી ઉંમરે ન્યુઝીલેન્ડ ગયા હતા, તેઓનું ઓરીનું રસીકરણ હજુ સુધી થયું ન હોઈ શકે.
- તમારી ઓરીની રસી મેળવવી મહત્વપૂર્ણ છે, પછી ભલે તમે ગમે તે ઉંમરના હોવ, કારણ કે તે ખૂબ જ ચેપી છે અને ખૂબ જ ઝડપથી ફેલાવો થાય છે.
- જો તમને ચોક્કસ ન હોવ કે તમે તમારી ઓરીનું રસીકરણ કરાવ્યું છે તો તમારા ડૉક્ટરને કહો.

## તમારા બાળકની ઓરીની રસી મેળવવી સરળ છે અને તે મફત છે

- તમારું બાળક ઓરીનું રસીકરણ તમારા ડોક્ટર પાસેથી મફત મેળવી શકે છે.
- ઘણી ફાર્મસીઓ ઓરીની રસી પણ આપે છે.

**વધુ માહિતી માટે તમારા ડૉક્ટર, વેલ ચાઈલ્ડ તમારીકી ઓરા નર્સ સાથે વાત કરો અથવા તમારી સ્થાનિક ફાર્મસીની મુલાકાત લો.**

**વધુ જાણવા માટે**
**www.health.govt.nz/children-measles**
**ની મુલાકાત લો અથવા હેલ્થલાઇન 0800 611 116 પર કૉલ કરો**

